| | | |
|---|---|---|
| GJRJ070006472026 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૪ ૦૪ |

**મહે.ભાયાવદરના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, સાહેબની કોર્ટમાં, જિ.રાજકોટ.**

**ફોજદારી કેસ નંબરઃ૪૯૧/૨૦૨૬.**
**આંક–૧૫**

**ફરિયાદીઃ–** **શ્રી સરકાર.**

**: : વિરુદ્ધ : :**

**આરોપીઃ–** કૈલાશ ઉર્ફે કઇલો કારાભાઇ ભારાઇ
રહે.ખીરસરા(ઘેટીયા), તા. ઉપલેટા.

**ગુનોઃ–** **પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબ.**

**––––––––––––––––––––––––––––––––––––––**

**<u>ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.એમ.ટાંક.</u>**
**<u>આરોપીપક્ષે વિ.વ.શ્રી પી.જી.મેઘાણી.</u>**

**––––––––––––––––––––––––––––––––––––––**

**: : ચુ કા દો : :**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ કલાક ૨૨.૧૫ વાગ્યાના અરસામાં મોજે ઉપલેટા તાલુકાના ખીરસરા(ઘેટીયા) ગામે ધણકુલીયા નામની સીમમાં આવેલ આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાની વાડીમાં ગે.કા. રીતે પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની સીલ પેક બોટલો તથા બીયરના ટીન મળી કુલ નંગ–૨૦૩ કિ.રૂ.૨,૫૦,૬૮૦/– સાથે મળી આવતા, ગુનો કરેલ હોય, **જેથી ફરિયાદીએ સરકાર તરફે ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેની ફરિયાદ દાખલ કરેલી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.**

(૨) **ત્યારબાદ સદરહુ ગુના સબબ આરોપીને સમન્સ કાઢતાં,** સદરહુ સમન્સ આરોપીને બજી જતાં આરોપી તેમના વકીલશ્રી મારફતે હાજર થતાં તેઓને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. **ત્યારબાદ આ કામના આરોપી વિરૂદ્ધ આંક–૫ થી તહોમતનામુ ફરમાવી, આ કામના આરોપીની આંક–૬ થી પ્લી નોંધવામાં આવેલ** જે દરમ્યાન આરોપીએ ગુનાની હકીકતનો ઈનકાર કરેલ. જેથી કેસની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) **ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ મયુરભાઈ વગડભાઈ ખાંભલાની જુબાની | ૭ |
| ૨ | પંચનામુ | ૮ |
| ૩ | પંચ સાહેદ પરેશભાઈ વીરાભાઈ ભારાઈની જુબાની | ૯ |
| ૪ | ફરિયાદી/ત.ક.અ. રોહીતભાઈ હાજાભાઈ વાઢેળની જુબાની | ૧૦ |
| ૫ | ફરિયાદ | ૧૧ |
| ૬ | ડેપ્યુટ હુકમ | ૧૨ |
| ૭ | અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૩ |
| ૮ | ત.ક.અ. શકિતસિંહ વિક્રમસિંહ જાડેજાની જુબાની | ૧૪ |

(૪) **ત્યાર બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતો હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.** જેમાં તેઓને બચાવ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવે છે. તેમજ **તેઓ વિશેષમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ ઉપર પોલીસે ખોટો કેસ કરેલ છે, તેઓને નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.**

(૫) **ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.**

**(૬) સદરહુ કેસના આખરી નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,** તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ કલાક ૨૨.૧૫ વાગ્યાના અરસામાં મોજે ઉપલેટા તાલુકાના ખીરસરા(ઘેટીયા) ગામે ધણકુલીયા નામની સીમમાં આવેલ આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાની વાડીમાં ગે.કા. રીતે પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની સીલ પેક બોટલો તથા બીયરના ટીન મળી કુલ નંગ-૨૦૩ કિ.રૂ.૨,૫૦,૬૮૦/- સાથે મળી આવતા, **ધી પ્રોહિબિશન એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?**

**મુદ્દા નં.૨ શું આખરી હુકમ ?**

**(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**મુદ્દા નં.૧ નકારમાં.**

**મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.**

<u>//કારણો//</u>

**(૮) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયતંત્રના સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યા સુધી આરોપી સામેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તેઓ નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનુ રહે છે.** વધુમાં, ફરિયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ કરેલ છે તે સાબિત કરવા માંગતા હોય તો સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવું જોઇએ. **આરોપી સામે ધી પ્રોહિબિશન એકટની કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબ મુજબનો આરોપ છે ત્યારે ફરિયાદપક્ષે આરોપી સામે તે મુજબના ગુનાના તત્ત્વો સકારાત્મક પુરાવાથી સાબિત કરવા જોઇએ.**

**(૯) ઉપરોકત રેકર્ડ પરનો પુરાવો જોતાં, આંક-૭ થી પંચ સાહેદ મયુરભાઇ વગડભાઇ ખાંભલાને તથા આંક-૯ થી પંચ સાહેદ**

**પરેશભાઇ વીરાભાઇ ભારાઇને સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,** પોલીસે એક લખેલ તૈયાર કાગળમાં તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક–૮ નુ અસલ પંચનામું બતાવવામાં આવેલ તે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ. **આમ, સદરહુ પંચ સાહેદો પંચનામાની હકીકતને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતા ન હોઇ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. આમ, સદરહુ પંચ સાહેદોની જુબાની ઉપરથી પંચનામું સાબિત થયેલ માની શકાય નહિ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.**

**(૧૦) ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૦ થી ફરિયાદી/ત.ક.અ. રોહીતભાઇ હાજાભાઇ વાઢેળને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,** "તા.૧૧/૦૬/૨૦૨૫ ના ક.૨૧/૩૦ વાગ્યાથી અમો તથા તથા હિમાંશુભાઈ દેવાભાઇ હુણ તથા હરેશભાઈ વેલજીભાઈ કટારા એમ બધા ભાયાવદર પો.સ્ટે. વિસ્તારમાં સીટી–૦૧ તથા ખા.વા. સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા ખીરસરા (ઘેટીયા) ગામ પાસે આવતા સાથેના પો.કોન્સ.શક્તિસિંહ વિક્રમસિંહ જાડેજા તથા હીમાશુભાઈ દેવાભાઈ હુણ તથા મહેશભાઈ મખાભાઈ ગમારાનાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે, ખીરસરા ગામે રહેતા કૈલાશ ઉર્ફે કઈલો કારાભાઈ ભારાઈ વાળાએ ખીરસરા ગામની ધણકુલીયા નામે ઓળખાતી પોતાના કબ્જા ભોગવટા વાળી વાડીમાં આવેલ ઓરડીમા ગે.કા.રીતે ઇંગ્લીશ દારુ વેચાણ અર્થે રાખેલ છે તેવી ચોક્કસ અને ભરોસાપાત્ર હકિકત મળતા સાથેના પોલીસ સ્ટાફને હકિકતથી વાકેફ કરતા તુંરત જ આપ સાહેબશ્રીએ બે પંચો (૧)મયુરભાઈ વગડભાઈ ખાંભલા, રબારી રહે.ભાયાવદર ધોબીતળ તા.ઉપલેટા તથા (૨) પરેશભાઈ વિરાભાઈ ભારાઈ રહે.ભાયાવદર ધોબીતળ તા.ઉપલેટા વાળાઓને બોલાવી હકિકતની સમજ કરી પ્રોહિ કલમ–૧૨૦ નો ઠરાવ કરી ક.૨૨/૧૫ થી

ક.૨૨/૩૦ સુધીનું પ્રાથમિક પંચનામું કરી પંચો તથા પોલીસ સ્ટાફ સાથે સ.વા. તથા ખા.વા.માં બેસી ક.૨૨/૪૫ વાગ્યે હકિકત વાળી જગ્યાએ જતા જ્યાં એક ઇસમ વાડીમાં હાજર હોઇ જેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ કારાભાઈ રાણાભાઈ ભારાઈ રહે. ખીરસરા ગામ તા.ઉપલેટા વાળા હોવાનું જણાવતા હોઈ અને સદરહુ વાડી પોતાની માલીકીની હોય અને હાલ આ વાડી તેમનો દીકરો કૈલાશ ઉર્ફે કઈલો કારાભાઇ ભારાઈ ખેડતો હોવાનુ જણાવેલ જેથી તેઓને પ્રોહિ કલમ-૧૨૦ મુજબના ઠરાવ નો સાર સમજાવી તેમા તેઓની સહી લઈ પંચો રૂબરૂ વાડીમા આવેલ ઓરડી જોતા જે ઓરડી સદરહુ વાડીની દક્ષિણ દિશામાં આવેલ છે અને સદરહુ ઓરડીની પશ્ચિમ દિશામા સિમેંટના પતરા વાળુ ઢાળીયુ આવેલ છે જે ઢાળીયામાં સુકો ચારો ભરેલ જોવામા છે અને ઓરડી પુર્વના બે બારની છે જેમાં ડાબી બાજુ લોખંડના દરવાજા વાળી તથા જમણી બાજુ લોખંડના સટરવાનો છે. જે ઓરડીના સટરને ખોલીને જોતા તેમા મગફળીનો પાલો ભરેલો જોવામાં આવેલ તેમજ તે પાલા ઉપર ચડી જોતા બાજુના લોખંડના દરવાજા વાળી ઓરડી જોવામાં આવેલ જે બન્ને વચ્ચે આશરે ચારેક ફુટ ઉંચી કાચી દિવાલ જોવામા આવેલ અને તે ઓરડીમાં ખેતીના ઓજારો પડેલા હતા બાદ સદરહુ મગફળીનો પાલો ફંફોળી જોતા તેમા કાળા કલરની પ્લાસ્ટિકની થેલીઓ મળી આવેલ જે થેલીઓ પૈકી અમુક થેલીઓમાં ખાખી કલરના પુઠાંની પેટીઓમાં તથા અમુક થેલીઓમાં છુટી ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગલિશ દારૂની શીલબંધ બોટલો તથા બીયરના ટીન મળી આવતા હાજર ઇસમ કારાભાઈ રાણાભાઈ ભારાઈને સદરહુ ઇંગલિશ દારૂ રાખવા બાબતે કોઈ પાસ પરમીટ કે આધાર પુરાવો હોય તો રજુ કરવાનું કહેતા નહિ હોવાનું જણાવેલ જેથી સદરહુ જગ્યાએથી નીચે મુજબની ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગલિશ દારૂની શીલબંધ બોટલો તથા બીયરના ટીન પંચનામાની વિગતે કબ્જે કરેલ છે. અનુ. કબ્જે કરેલ મુદામાલની વિગત કબ્જે કરેલ મુદામાલનો જથ્થો કબ્જે કરેલ મુદામાલની કિંમત

૧. Royal challenge classic premium whisky લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂ દારૂની ૭૫૦ ML માપની 75* proof 42.8%vv ફોર સેલ ઇન હરિયાણા ઓન્લી લખેલ કંપની શીલ પેક કાંચની બોટલો નંગ –૧૬૯ છે જે એક બોટલની કી.રૂા. ૧૩૦૦/– ગણી કબ્જે કરેલ બોટલો નંગ–૧૬૯ કિ.રૂ. ૨,૧૯,૭૦૦/–

૨. Royal challenge classic premium whisky લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ ML માપની 75*proof 42.8%vv ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કંપની શીલ પેક કાંચની બોટલ નંગ –૧ PI BHAYAVADAR ના હોદાથી શીલ કરી કિ.રૂ.૧૩૦૦/– ગણી FSL તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે બોટલ નંગ–૧ કિ.રૂ. ૧૩૦૦/–

૩. Royal stag superior whisky લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ MI. માપની 75* proof 42.8% VV ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કાચની બોટલો નંગ – ૧૨ છે જે એક બોટલની કી.રૂા.૧૩૦૦/– ગણી કબજે કરેલ બોટલો નંગ–૧૨ કિ.રૂ. ૧૫,૬૦૦/–

૪. Roval stag superior whisky લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ ML માપની 75 proof 42.8% vv ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કાચની બોટલો નંગ–૧ PI BHAYAVADAR ના હોદાથી શીલ કરી કિ.રૂ.૧૩૦૦/– ગણી FSL તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે બોટલ નંગ–૧ કિ.રૂ. ૧૩૦૦/–

૫. Magic moments grain vodka લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ ML માપની 75*proof 42.8%VV ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કંપની શીલ પેક કાંચની બોટલો નંગ –૮ છે જે એક બોટલની કી.રૂા. ૧૨૦૦/–ગણી કબ્જે કરેલ બોટલો નંગ–૮ કિ.રૂ. ૯૬૦૦/–

૬. Magic moments grain vodka લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ ML માપની 75* proof

42.8%VV ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કંપની શીલ પેક કાંચની બોટલ નંગ- ૧ PI BHAYAVADAR ના હોદાથી શીલ કરી કિ.રૂ.૧૨૦૦/- ગણી FSL તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે બોટલ નંગ-૧ કિ.રૂ. ૧૨૦૦/-

૭. Tuborg premium danish beer લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય બિયર ની ૫૦૦ ML માપની alcohol contains not exceeding ૪% aby ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કંપની સીલ પેક ટીનના ડબલા નંગ-૧૦ કિ.રૂ. ૧૮૦૦/-

૮. Tuborg premium danish beer લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય બિયર ની ૫૦૦ ML માપની alcohol contains not exceeding 8% aby ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કંપની શીલ પેક ટીનના ડબલુ નંગ- ૧ PI BHAYAVADAR ના હોદાથી શીલ કરી કિ.રૂ.૧૮૦/- FSL તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે ડબલુ નંગ-૧ કિ.રૂ. ૧૮૦/-

કુલ કી.રૂ. ૨,૫૦,૬૮૦/-

તેમજ સદરહુ મુદ્દામાલ કોણ અને ક્યાંથી તેમજ સેમા લાવેલ તે બાબતે પંચો રૂબરૂ પૂછતા હાજર ઇસમ કારાભાઇએ જણાવેલ કે સદરહુ વાડી તેમનો દિકરો કૈલાશ ઉર્ફે કઈલો ખેડે છે અને સદરહુ ઓરડીનો વપરાશ પણ તે જ કરે છે જેથી આ દારૂ બાબતે તેમનો દિકરો કૈલાશ જ જણાવી શકે તેઓ આ બાબતે કશુ જાણતા નથી તેમજ સદરહુ ઓરડીની બાજુમા પાણીનો કુવો આવેલ છે તેમા ઇલેક્ટ્રિક મોટર હોય અને લાઇટ કનેક્શન હોય જે લાઇટ કનેક્શન તેઓના નામનુ હોય જેનુ લાઇટ બીલ તેઓ રજુ કરતા હોય જે લાઇટ બીલ જોતા કારાભાઈ રાણાભાઈ રબારી ખીરસરા તા.ઉપલેટા ના નામનુ હોય જેનો ગ્રાહક નં.૩૯૬૧૧/૦૧૧૯૮/૯ હોય જે લાઇટ બીલ ની કિ.રૂ.૦૦/- ગણી પંચનામા વિગતે કબ્જે કરેલ.

આમ મજકુર કૈલાશ ઉર્ફે કઈલો કારાભાઈ ભારાઈ રહે.ખિરસરા(ઘેટીયા) ગામ તા.ઉપલેટા વાળાએ પોતાના કબ્જા ભોગવટાના ખિરસરા ગામની સીમમા આવેલ ધણકુલીયા નામની

વાડીમા આવેલ ઓરડીમા મગફળીના પાલા નીચે ગે.કા. રીતે અલગ અલગ બ્રાંડની ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગલિશ દારૂની કંપની શીલ પેક બોટલો તથા બીયરના ટીન મળી કુલ નંગ–૨૦૩ કિ.રૂ.૨,૫૦,૬૮૦/– નો મુદ્દામાલ વેચાણ અર્થે રાખી રેઇડ દરમિયાન હાજર ન મળી આવી પ્રોહિ કલમ–૬૫(એ) (ઇ), ૧૧૬(બી) મુજબનો ગુનો કરેલ હોય જે અંગેનુ પંચનામુ પી. આઈ. શ્રી વી. સી. પરમારનાએ ક.૨૨/૧૫ થી ક.૨૪/૦૦ સુધીનુ કરી મુદ્દામાલ કબ્જે કરેલ હોય મજકુર ઇસમ કૈલાશ ઉર્ફે કઈલો કારાભાઈ ભારાઈ રહે.ખિરસરા (ઘેટીયા) ગામ તા.ઉપલેટા વાળા સામે અમોએ ફરીયાદ આપેલ. મને એક અસલ ફરિયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ, જેને રજુ દા.આંક–૧૧ આપવામાં આવે છે. હુ આરોપીને ઓળખુ છુ. મને એક ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે જે જોઇને હુ કહુ છુ કે તેમા પી.એસ.ઓ.ની સહી છે જે ઓળખુ છુ જે રજુ દા.આંક–૧૨ આપવામાં આવે છે. મને આંક–૮ નુ પંચનામુ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ જે પી.આઇ.શ્રી વી.સી. પરમારનાઓને કરેલ જે હુ ઓળખુ છુ. તેમજ સદર કામે પી.આઇ. શ્રી વી.સી.પરમારનાએ સાહેદોના નિવેદન લીધેલ. ત્યાર બાદ મૌખિક સુચનાથી સદર કામની તપાસ અમોને મળતા અમોએ આરોપીને અટક કરેલ તેમજ તેની પાસેથી મુદ્દામાલ મોબાઇલ નંગ ૨ કબજે કરેલ. મને એક પંચનામુ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે તેમાં મારી તથા પંચોની સહી છે જે હુ ઓળખુ છુ જે રજુ દા.આંક–૧૩ આપવામાં આવે છે. આરોપીઓ વિરૂદ્ધ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ."

(૧૦.૧) **આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** "તે વાત ખરી છે કે આરોપીના કોઈ પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ મળી આવેલ નથી. તે વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં પંચોના નામ તથા સરનામા જણાવેલ નથી. તે વાત ખરી નથી કે આ કામે પંચો રૂબરૂ મે કામગીરી કરેલ નથી. તે વાત ખરી છે કે પંચનામુ કરનાર અધિકારી દ્વારા મુદામાલ દરેક બોટલો પર પંચોની સહીઓવાળી અસલ કાપલી લગાવી શીલબંધ કરવાની કોઈ કાર્યવાહી

કરેલ નથી. તે વાત ખરી છે કે મુદામાલ જે તે કંપનીની બનાવટ હતી તેના મુદામાલના સીરીયલ નંબર કે બેચ નંબર કે મેન્યુફેકચરીંગ વર્ષ તારીખ મે મારી ફરીયાદમાં જણાવેલ નથી. તે વાત ખરી નથી કે આરોપી પાસેથી મુદામાલ ઇંગ્લીશ દારૂ મળી આવેલ જ નથી તેમ છતા કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ છે. તે વાત ખરી છે કે જે જગ્યાએથી મુદામાલ કબજે કરેલ તે જગ્યાનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. તે વાત ખરી નથી કે અમોને બીનવારસી મુદામાલ મળી આવેલ હોય અને પં ચનામુ કરનાર અમારા ખાતાના કર્મચારી હોય જેથી તેના ખોટા પંચનામાને અનુરૂપ આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતા કામગીરી બતાવવા માટે ખોટી ફરીયાદ દાખલ કરી ખોટી જુબાની આપુ છુ."

(૧૧) **ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૪ થી સાહેદ શકિતસિંહ વિક્રમસિંહ જાડેજાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,** "તા.૧૧/૦૬/૨૦૨૫ ના ક.૨૧/૩૦ વાગ્યાથી અમો તથા તથા હિમાંશુભાઈ દેવાભાઈ હુણ તથા હરેશભાઈ વેલજીભાઈ કટારા એમ બધા ભાયાવદર પો.સ્ટે. વિસ્તારમાં સીટી–૦૧ તથા ખા.વા. સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા ખીરસરા (ઘેટીયા) ગામ પાસે આવતા સાથેના અમો તથા હીમાશુભાઈ દેવાભાઈ હુણ તથા મહેશભાઈ મખાભાઈ ગમારાનાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે, ખીરસરા ગામે રહેતા કૈલાશ ઉર્ફે કઈલો કારાભાઈ ભારાઈ વાળાએ ખીરસરા ગામની ધણકુલીયા નામે ઓળખાતી પોતાના કબ્જા ભોગવટા વાળી વાડીમાં આવેલ ઓરડીમા ગે.કા.રીતે ઇંગ્લીશ દારુ વેચાણ અર્થે રાખેલ છે તેવી ચોક્કસ અને ભરોસાપાત્ર હકિકત મળતા સાથેના પોલીસ સ્ટાફને હકિકતથી વાકેફ કરતા તુંરત જ આપ સાહેબશ્રીએ બે પંચો (૧)મયુરભાઈ વગડભાઈ ખાંભલા, રબારી રહે.ભાયાવદર ધોબીતળ તા.ઉપલેટા તથા (૨) પરેશભાઈ વિરાભાઈ ભારાઈ રહે.ભાયાવદર ધોબીતળ તા.ઉપલેટા વાળાઓને બોલાવી હકિકતની સમજ કરી પ્રોહિ કલમ–૧૨૦ નો ઠરાવ કરી ક.૨૨/૧૫ થી ક.૨૨/૩૦ સુધીનું

પ્રાથમિક પંચનામું કરી પંચો તથા પોલીસ સ્ટાફ સાથે સ.વા. તથા ખા.વા.માં બેસી ક.૨૨/૪૫ વાગ્યે હકિકત વાળી જગ્યાએ જતા જ્યાં એક ઇસમ વાડીમાં હાજર હોઇ જેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ કારાભાઈ રાણાભાઈ ભારાઈ રહે. ખીરસરા ગામ તા.ઉપલેટા વાળા હોવાનું જણાવતા હોઇ અને સદરહુ વાડી પોતાની માલીકીની હોય અને હાલ આ વાડી તેમનો દીકરો કૈલાશ ઉર્ફે કઇલો કારાભાઇ ભારાઈ ખેડતો હોવાનુ જણાવેલ જેથી તેઓને પ્રોહિ કલમ-૧૨૦ મુજબના ઠરાવ નો સાર સમજાવી તેમા તેઓની સહી લઈ પંચો રૂબરૂ વાડીમા આવેલ ઓરડી જોતા જે ઓરડી સદરહુ વાડીની દક્ષિણ દિશામાં આવેલ છે અને સદરહુ ઓરડીની પશ્ચિમ દિશામા સિમેંટના પતરા વાળુ ઢાળીયુ આવેલ છે જે ઢાળીયામાં સુકો ચારો ભરેલ જોવામા છે અને ઓરડી પુર્વના બે બારની છે જેમાં ડાબી બાજુ લોખંડના દરવાજા વાળી તથા જમણી બાજુ લોખંડના સટરવાનો છે. જે ઓરડીના સટરને ખોલીને જોતા તેમા મગફળીનો પાલો ભરેલો જોવામાં આવેલ તેમજ તે પાલા ઉપર ચડી જોતા બાજુના લોખંડના દરવાજા વાળી ઓરડી જોવામાં આવેલ જે બન્ને વચ્ચે આશરે ચારેક ફુટ ઉંચી કાચી દિવાલ જોવામા આવેલ અને તે ઓરડીમાં ખેતીના ઓજારો પડેલા હતા બાદ સદરહુ મગફળીનો પાલો ફંફોળી જોતા તેમા કાળા કલરની પ્લાસ્ટિકની થેલીઓ મળી આવેલ જે થેલીઓ પૈકી અમુક થેલીઓમાં ખાખી કલરના પુઠાંની પેટીઓમાં તથા અમુક થેલીઓમાં છુટી ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગલિશ દારૂની શીલબંધ બોટલો તથા બીયરના ટીન મળી આવતા હાજર ઇસમ કારાભાઈ રાણાભાઈ ભારાઇને સદરહુ ઇંગલિશ દારૂ રાખવા બાબતે કોઇ પાસ પરમીટ કે આધાર પુરાવો હોય તો રજુ કરવાનું કહેતા નહિ હોવાનું જણાવેલ જેથી સદરહુ જગ્યાએથી નીચે મુજબની ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગલિશ દારૂની શીલબંધ બોટલો તથા બીયરના ટીન પંચનામાની વિગતે કબ્જે કરેલ છે. અનુ. કબ્જે કરેલ મુદામાલની વિગત કબ્જે કરેલ મુદામાલનો જથ્થો કબ્જે કરેલ મુદામાલની કિંમત

૧. Royal challenge classic premium whisky લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂ દારૂની ૭૫૦ ML માપની 75* proof 42.8%vv ફોર સેલ ઈન હરિયાણા ઓન્લી લખેલ કંપની શીલ પેક કાંચની બોટલો નંગ –૧૬૯ છે જે એક બોટલની કી.રૂા. ૧૩૦૦/– ગણી કબ્જે કરેલ બોટલો નંગ–૧૬૯ કિ.રૂ. ૨,૧૯,૭૦૦/–

૨. Royal challenge classic premium whisky લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ ML માપની 75*proof 42.8%vv ફોર સેલ ઈન પંજાબ ઓન્લી લખેલ કંપની શીલ પેક કાંચની બોટલ નંગ –૧ PI BHAYAVADAR ના હોદાથી શીલ કરી કિ.રૂ.૧૩૦૦/– ગણી FSL તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે બોટલ નંગ–૧ કિ.રૂ. ૧૩૦૦/–

૩. Royal stag superior whisky લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ MI. માપની 75* proof 42.8% VV ફોર સેલ ઈન પંજાબ ઓન્લી લખેલ કાચની બોટલો નંગ – ૧૨ છે જે એક બોટલની કી.રૂા.૧૩૦૦/– ગણી કબજે કરેલ બોટલો નંગ–૧૨ કિ.રૂ. ૧૫,૬૦૦/–

૪. Roval stag superior whisky લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ ML માપની 75 proof 42.8% vv ફોર સેલ ઈન પંજાબ ઓન્લી લખેલ કાચની બોટલો નંગ–૧ PI BHAYAVADAR ના હોદાથી શીલ કરી કિ.રૂ.૧૩૦૦/– ગણી FSL તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે બોટલ નંગ–૧ કિ.રૂ. ૧૩૦૦/–

૫. Magic moments grain vodka લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ ML માપની 75*proof 42.8%VV ફોર સેલ ઈન પંજાબ ઓન્લી લખેલ કંપની શીલ પેક કાંચની બોટલો નંગ –૮ છે જે એક બોટલની કી.રૂા. ૧૨૦૦/–ગણી કબ્જે કરેલ બોટલો નંગ–૮ કિ.રૂ. ૯૬૦૦/–

૬. Magic moments grain vodka લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂની ૭૫૦ ML માપની 75* proof

42.8%VV ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કંપની શીલ પેક કાંચની બોટલ નંગ- ૧ PI BHAYAVADAR ના હોદાથી શીલ કરી કિ.રૂ.૧૨૦૦/- ગણી FSL તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે બોટલ નંગ-૧ કિ.રૂ. ૧૨૦૦/-

૭. Tuborg premium danish beer લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય બિયર ની ૫૦૦ ML માપની alcohol contains not exceeding 8% aby ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કંપની સીલ પેક ટીનના ડબલા નંગ-૧૦ કિ.રૂ. ૧૮૦૦/-

૮. Tuborg premium danish beer લખેલ ભારતીય બનાવટની પરપ્રાંતીય બિયર ની ૫૦૦ ML માપની alcohol contains not exceeding 8% aby ફોર સેલ ઇન પંજાબ ઓન્લી લખેલ કંપની શીલ પેક ટીનના ડબલુ નંગ- ૧ PI BHAYAVADAR ના હોદાથી શીલ કરી કિ.રૂ.૧૮૦/- FSL તપાસણી અર્થે કબ્જે કરેલ છે તે ડબલુ નંગ-૧ કિ.રૂ. ૧૮૦/-

કુલ કી.રૂ. ૨,૫૦,૬૮૦/-

તેમજ સદરહુ મુદ્દામાલ કોણ અને ક્યાંથી તેમજ સેમા લાવેલ તે બાબતે પંચો રૂબરૂ પૂછતા હાજર ઇસમ કારાભાઇએ જણાવેલ કે સદરહુ વાડી તેમનો દિકરો કૈલાશ ઉર્ફે કઈલો ખેડે છે અને સદરહુ ઓરડીનો વપરાશ પણ તે જ કરે છે જેથી આ દારૂ બાબતે તેમનો દિકરો કૈલાશ જ જણાવી શકે તેઓ આ બાબતે કશુ જાણતા નથી તેમજ સદરહુ ઓરડીની બાજુમા પાણીનો કુવો આવેલ છે તેમા ઇલેક્ટ્રિક મોટર હોય અને લાઇટ કનેક્શન હોય જે લાઇટ કનેક્શન તેઓના નામનુ હોય જેનુ લાઇટ બીલ તેઓ રજુ કરતા હોય જે લાઇટ બીલ જોતા કારાભાઈ રાણાભાઈ રબારી ખીરસરા તા.ઉપલેટા ના નામનુ હોય જેનો ગ્રાહક નં.૩૯૬૧૧/૦૧૧૯૮/૯ હોય જે લાઇટ બીલ ની કિ.રૂ.૦૦/- ગણી પંચનામા વિગતે કબ્જે કરેલ.

આમ મજકુર કૈલાશ ઉર્ફે કઈલો કારાભાઈ ભારાઈ રહે.ખિરસરા(ઘેટીયા) ગામ તા.ઉપલેટા વાળાએ પોતાના કબ્જા ભોગવટાના ખિરસરા ગામની સીમમા આવેલ ધણકુલીયા નામની

વાડીમા આવેલ ઓરડીમા મગફળીના પાલા નીચે ગે.કા. રીતે અલગ અલગ બ્રાંડની ભારતીય બનાવટની પરપ્રાંતિય ઇંગલિશ દારૂની કંપની શીલ પેક બોટલો તથા બીયરના ટીન મળી કુલ નંગ–૨૦૩ કિ.રૂ.૨,૫૦,૬૮૦/– નો મુદ્દામાલ વેચાણ અર્થે રાખી રેઇડ દરમિયાન હાજર ન મળી આવી પ્રોહિ કલમ–૬૫(એ) (ઇ), ૧૧૬(બી) મુજબનો ગુનો કરેલ હોય જે અંગેનુ પંચનામુ પી. આઈ. શ્રી વી. સી. પરમારનાએ ક.૨૨/૧૫ થી ક.૨૪/૦૦ સુધીનુ કરી મુદ્દામાલ કબ્જે કરેલ હોય મજકુર ઇસમ કૈલાશ ઉર્ફે કઈલો કારાભાઈ ભારાઈ રહે.ખિરસરા (ઘેટીયા) ગામ તા.ઉપલેટા વાળા સામે એ.એસ.આઇ. શ્રી આર.એચ.વાઢેળનાએ ફરીયાદ આપેલ. આ કામે તપાસ કરનારે અમારૂ નિવેદન લીધેલ. ”

**(૧૧.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે,** “તે વાત ખરી છે કે આરોપીના કોઈ પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ મળી આવેલ નથી. તે વાત ખરી છે કે મે મારા નિવેદનમાં પંચોના નામ તથા સરનામા જણાવેલ નથી. તે વાત ખરી છે કે પંચનામુ કરનાર અધિકારી દારા મુદામાલ દરેક બોટલો પર પંચોની સહીઓવાળી અસલ કાપલી લગાવી શીલબંધ કરવાની કોઈ કાર્યવાહી કરેલ નથી. તે વાત ખરી છે કે મુદામાલ જે તે કંપનીની બનાવટ હતી તેના મુદામાલના સીરીચલ નંબર કે બેચ નંબર કે મેન્યુફેકચરીંગ વર્ષ તારીખ મે મારા નિવેદનમાં જણાવેલ નથી. તે વાત ખરી નથી કે આરોપી પાસેથી મુદામાલ ઇંગ્લીશ દારૂ મળી આવેલ જ નથી તેમ છતા કામગીરી બતાવવા ખોટુ નિવેદન નોંધાવેલ છે. તે વાત ખરી નથી કે અમોને બીનવારસી મુદામાલ મળી આવેલ હોય અને પંચનામુ કરનાર અમારા ખાતાના કર્મચારી હોય જેથી તેના ખોટા પંચનામાને અનુરૂપ આરોપીએ આવો કોઈ ગુનો કરેલ ન હોવા છતા કામગીરી બતાવવા માટે ખોટુ નિવેદન નોંધાવી ખોટી જુબાની આપુ છુ.”

**(૧૨) આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવાઓને ધ્યાનમાં લેતાં, આ કામે આંક–૧૦ થી ફરિયાદી/ત.ક.અ. રોહીતભાઇ હાજાભાઇ વાઢેળને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની**

**સરતપાસમાં ફરિયાદની હકીકતોને સમર્થન આપેલ છે. પરંતુ આરોપી તરફે લેવાયેલ ઊલટતપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે,** આરોપીના કોઈ પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ મળી આવેલ નથી, તેઓએ તેમની ફરીયાદમાં પંચોના નામ તથા સરનામા જણાવેલ નથી, પંચનામુ કરનાર અધિકારી દ્બારા મુદામાલ દરેક બોટલો પર પંચોની સહીઓવાળી અસલ કાપલી લગાવી શીલબંધ કરવાની કોઈ કાર્યવાહી કરેલ નથી, મુદામાલ જે તે કંપનીની બનાવટ હતી તેના મુદામાલના સીરીયલ નંબર કે બેચ નંબર કે મેન્યુફેકચરીંગ વર્ષ તારીખ તેઓએ તેમની ફરીયાદમાં જણાવેલ નથી, જે જગ્યાએથી મુદામાલ કબજે કરેલ તે જગ્યાનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. **આમ, ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારક હકીકત તેમની ઊલટતપાસમાં જણાવતા નથી. તેથી તેઓની જુબાની પર આધાર રાખી આ કામના આરોપીને આક્ષેપિત ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય નહિ.**

(૧૩) **ત્યારબાદ આ કામે આંક–૧૪ થી સાહેદ શકિતસિંહ વિકર્મસિંહ જાડેજાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં ફરિયાદની હકીકતોને સમર્થન આપેલ છે. પરંતુ આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે,** આરોપીના કોઈ પ્રત્યક્ષ કબજામાંથી મુદામાલ મળી આવેલ નથી, તેઓએ તેમના નિવેદનમાં પંચોના નામ તથા સરનામા જણાવેલ નથી,પંચનામુ કરનાર અધિકારી દ્બારા મુદામાલ દરેક બોટલો પર પંચોની સહીઓવાળી અસલ કાપલી લગાવી શીલબંધ કરવાની કોઈ કાર્યવાહી કરેલ નથી, મુદામાલ જે તે કંપનીની બનાવટ હતી તેના મુદામાલના સીરીયલ નંબર કે બેચ નંબર કે મેન્યુફેકચરીંગ વર્ષ તારીખ તેઓએ તેમના નિવેદનમાં જણાવેલ નથી." **આમ, સાહેદ ફરિયાદ હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારક હકીકત તેમની ઊલટતપાસમાં જણાવતા નથી. તેથી તેઓની જુબાની પર આધાર રાખી આ કામના આરોપીને આક્ષેપિત ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય નહિ.**

(૧૪) **વધુમાં સદર કામે ત.ક.અમલદાર દ્વારા સરળતાથી સ્વતંત્ર મળી શકે તેમ હોવા છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી અને તે નિવેદનો શાં માટે લેવામાં આવેલ નથી. તે અંગે કોઈ સ્પષ્ટતા પણ કરેલ નથી. વધુમાં** ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. તેથી આ કામે પંચનામું પુરવાર થતું નથી. આમ, આ કામનાં પંચ સાહેદની જુબાની તદ્દન વિરુદ્ધની હોય, આ કામે ફરિયાદનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષના કેસને સાંયોગિક પુરાવાથી પણ સમર્થન મળેલ નથી. **આમ, સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનાં આધારે આ કામનાં આરોપીને હાલનાં ગુના સાથે સાંકળી શકાય નહિ તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે.**

(૧૫) **આમ ઉપર કરેલ ચર્ચા તેમજ રેકર્ડ પર રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા પંચ સાહેદ તથા ફરિયાદી તથા સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ દ્વારા** આ કામના આરોપીએ પોતાના કબજાની વાડીમાં ગે.કા. પાસ પરમીટ કે આધાર વગર ભારતીય બનાવટની પરપ્રાંતીય ઇંગ્લીશ દારૂ તથા બિયરની કુલ બોટલો નંગ-૨૦૩, કિ.રૂ.૨,૫૦,૬૮૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા, ગુનો કરેલ હોય, **તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રજૂ થયેલ ન હોય, આવા સંજોગોમાં આરોપીને ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ- ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) ના ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી સદરહુ કામે મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

<u>//હુકમ//</u>

- આથી આ કામના આરોપી કૈલાશ ઉર્ફે કઈલો કારાભાઇ ભારાઈ, રહે.ખીરસરા(ઘેટીયા), તા.ઉપલેટા, જિ.રાજકોટનાઓને **બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧ (૧)** અન્વયે તેઓની સામેનો ભાયાવદર પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુના રજિસ્ટર

નં.૦૨૬૬/૨૦૨૫, ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબના ગુનામાંથી શંકાનો લાભ છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

- બી.એન.એસ.એસ. કલમ–૪૮૧ ધ્યાને લેતા આ કામના આરપીએ આ કેસમાં અગાઉ જામીન અને બોન્ડ આપેલા છે, તે જામીન અને બોન્ડ આ જજમેન્ટની તારીખથી ૬ માસ સુધી એવી શરતે લંબાવવામાં આવે છે કે, આ જજમેન્ટ વિરૂદ્ધ રાજય અપીલ કરેલ અને નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ, નામદાર હાઇકોર્ટ કે અન્ય કોઇ પણ કોર્ટ નોટીસ કાઢે ત્યારે અવશ્ય હાજર રહેવું.

- સદરહુ કામે કબજે કરવામાં આવેલ પ્રોહિબિશન અંગેના મુદ્દામાલનો તથા મુદ્દામાલ સાધનો કબજે કરવામાં આવેલ હોય તે મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ/નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૦, માહેઃઓગષ્ટ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૧૦/૦૮/૨૦૨૬.**
**મુકામઃ ઉપલેટા.**

**(પ્રિયાબેન પ્રકાશચંદ્ર કાલા)**
**જયુડી. મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ભાયાવદર.**
**UIC-GJ01761**

Typed by:- A.J.Solanki,
Gujarati Stenographer Grade-3.